
ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત
બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર-સેન્ટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ દ્વારા આયોજિત
સેમિનાર
બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન
Babasaheb Dr. B.R.Ambedkar Chair Centre

## બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર
(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આયોજિત સેમિનાર

Re-Accredited Grade A by NAAC

આદરણીય બંધુ/ ભગિની, ..................

સાદર પ્રણામ

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં ભારતરત્ન બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની સ્થાપના કરવામાં આવી છે. શૈક્ષણિક જગ્યાઓ સાથેના માળખાગત સુવિધાથી યુક્ત આ સેન્ટરમાં આર્થિક, રાજનીતિ, ધર્મ, તત્ત્વજ્ઞાન, બંધારણીય અભ્યાસ, સામાજિક કાર્ય, માનવાધિકારો વગેરે વિષયો તથા સમાજના અનુસૂચિતજાતિ, અનુસૂચિત જનજાતિ, લઘુમતિ, પછાતવર્ગો અને સમાજના નબળા વર્ગોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિ જીવનનાં પ્રશ્નો અંગેનું સંશોધન અને વિચારણા કરવામાં આવશે. આ સેન્ટર દ્વારા પ્રતિ વર્ષ ૧૪, એપ્રિલ અને ૬, ડિસેમ્બરને અનુલક્ષીને સેમિનાર કરવામાં આવે છે. આગામી બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના નિર્વાણ દિનને અનુલક્ષીને એક રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન છે.

રાષ્ટ્ર પુરુષ, દીર્ઘદષ્ટા બાબાસાહેબ ડૉ.આંબેડકરજીએ સ્વતંત્ર ભારતને અમૂલ્ય પ્રદાન કર્યુ છે. ડૉ.આંબેડકરજીના આ વિવિધ ક્ષેત્રોમાં કરેલા પ્રદાનને અનુલક્ષીને **"બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન"** આ વિષય પર સંશોધકો, અધ્યાપકો પોતાના શોધપત્રો રજૂ કરે અને વિચાર વિમર્શ થાય તે હેતુથી એક રાજ્યકક્ષાના સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં રજિસ્ટ્રેશન ફી અધ્યાપકો માટે રૂા.૨૦૦/– અને શોધછાત્રો માટે ૧૦૦/– રહેશે. પ્રતિભાગીએ સેમિનારના દિવસે સવારના ૦૮ :૦૦ થી ૯ :૩૦ કલાક દરમ્યાન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

**તારીખ : ૨૮/૧૨/૨૦૧૭, ગુરૂવાર**
**સમય : ૧૦ : ૦૦ થી ૦૬ : ૦૦**
**સ્થાળ : NFDD હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ.**

**નિમંત્રક**

ડૉ.ધીરેન પંડ્યા
કા.કુલસચિવશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

પ્રોફે.(ડૉ.)રાજા.એન.કાથડ
ચેરમેન,
બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

## બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર
(ગુજરાત સરકારશ્રી દ્વારા સ્થાપિત)
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા આયોજિત સેમિનાર

Re-Accredited Grade A by NAAC

**નિમંત્રણ**

**સેમિનાર વિષય : બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન.**

**તારીખ : ૨૮/૧૨/૨૦૧૭ , ગુરૂવાર**
**સમય : ૧૦ : ૦૦ થી ૦૬ : ૦૦**
**સ્થળ : NFDD હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, રાજકોટ.**



મું. ______________________

______________________

______________________

______________________

**નિમંત્રક**

ડૉ.ધીરેન પંડ્યા
કા.કુલસચિવશ્રી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

પ્રોફે.(ડૉ.)રાજા.એન.કાથડ
ચેરમેન,
બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ

# બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર

**સેમિનાર વિષય**

**વિષય : બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન**

**સ્થળ : NFDD હોલ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ, તા. ૨૮/૧૨/૨૦૧૭**

## સેમિનારની રૂપરેખા

**૦૮ : ૩૦ થી ૧૦ : ૩૦ રજિસ્ટ્રેશન સત્ર અને ચા–નાસ્તો**

**૧૦:૪૫ થી ૧૨ : ૦૦ : ઉદ્દ્ઘાટન સત્ર**

| | | | |
|---|---|---|---|
| અધ્યક્ષ શ્રી | : | માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | |
| બીજરૂપ વ્યાખ્યાન | : | ડૉ.નાથાલાલ ગોહિલ<br>નિવૃત પ્રાધ્યાપક, એન.પી.આર્ટ્સ કોલેજ, કેશોદ | |
| વિશેષ ઉપસ્થિતિ | : | ડૉ.ધીરેનભાઈ પંડ્યા<br>કુલસચિવશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ. | |

**૧૨ : ૦૦ થી ૧૨ : ૪૫ : પ્રથમ સત્ર**

| | | | |
|---|---|---|---|
| વિષય | : | સમાજશિલ્પી ડૉ.આંબેડકર | |
| વક્તાનો પરિચય | : | ડૉ.ભરતભાઈ ખેર | ૦૩ મિનિટ |
| વક્તા | : | ડૉ.બી.એન.પરમાર<br>પ્રાધ્યાપક, માતૃશ્રી વીરબાઈમા મહિલા કોલેજ,રાજકોટ. | ૩૫ મિનિટ |
| અધ્યક્ષ | : | શ્રી કે.જી.કન્નર<br>(પૂર્વ. સંયુક્ત નિયામક, સમાજકલ્યાણ વિભાગ, ગાંધીનગર) | ૦૭ મિનિટ |

**૧૨:૪૫ થી ૦૧:૪૫ : ભોજન વિરામ**

**૦૨:૦૦ થી ૦૨ :૪૫ : દ્વિતીય સત્ર**

| | | | |
|---|---|---|---|
| વિષય | : | નારી મુક્તિ દાતા ડૉ.આંબેડકર | |
| વક્તાનો પરિચય | : | ડૉ.તૃપ્તિબેન બી.વ્યાસ | ૦૩ મિનિટ |
| વક્તા | : | શ્રીમતી અનિતાબહેન પરમાર<br>(તંત્રી, 'સંવેદના સમાજ' સામયિક) | ૩૨ મિનિટ |
| અધ્યક્ષ | : | પ્રો.ડૉ.બી.કે.કલાસવા<br>(અધ્યક્ષશ્રી, હિન્દી ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.) | ૧૦ મિનિટ |

**૦૨:૪૫ થી ૦૩ : ૦૦ : ચા–વિરામ**

**૦૩:૦૦ થી ૦૪:૦૦ : શોધપત્ર પ્રસ્તુતિ**

| | | | |
|---|---|---|---|
| સત્ર અધ્યક્ષ | : | પ્રો. ડૉ.એન.યુ.ગોહિલ | |

**૦૪:૦૦ થી ૦૫:૦૦ : સમાપન સત્ર**

| | | | |
|---|---|---|---|
| અધ્યક્ષશ્રી | : | પ્રો.ડૉ.જયદિપસિંહ ડોડીયા<br>(મેમ્બર સલાહકાર સમિતિ, BAC ચેર–સેન્ટર, સૌ.યુનિ.રાજકોટ) | ૦૭ મિનિટ |
| વક્તાનો પરિચય | : | ડૉ.રાકેશ ભેદી | ૦૩ મિનિટ |
| સમારોપ વ્યાખ્યાન | : | માનનીય શ્રી કિશોરભાઈ મકવાણા<br>મેમ્બર, બોર્ડ ઓફ મેનેજમેન્ટ,<br>બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ | ૪૨ મિનિટ |
| આભાર વિધિ | : | ડૉ. અશ્વિનભાઈ સોલંકી | ૦૫ મિનિટ |
| રાષ્ટ્રગાન | : | સમૂહ | |

## ૧૦ : ૪૫ થી ૧૨ : ૦૦ : ઉદ્દઘાટન સત્ર

(૧) મહેમાનોનું શાબ્દિક સ્વાગત : ચેરમેનશ્રી, પ્રો. (ડૉ.) રાજા એન. કાથડ ૦૭ મિનિટ

(૨) મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત : ૦૫ મિનિટ

(૧) માનનીય કુલપતિશ્રી, : ચેરમેનશ્રી

(૨) ડૉ.નાથાલાલ ગોહિલ : ડૉ.ભરતભાઈ કટારીયા
(BAC ચેર સલાહકાર સમિતિમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત):

(૩) ડૉ.ધીરેનભાઈ પંડ્યા : ડૉ.કન્હૈયાલાલા ડામોર

(૪) ડૉ.બી.એન.પરમાર : ડૉ.ભરતભાઈ ખેર

(૫) પ્રો.ડૉ.જયદિપસિંહ ડોડીયા : પ્રો.

(૬) પ્રો. ડૉ.આર.એન.કાથડ : પ્રો.

(૭) આર.જી.પરમાર : પ્રો.
(BAC ચેર સલાહકાર સમિતિમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત)

(૮) શ્રી શૈલેષ પરમાર : પ્રો.
(BAC ચેર સલાહકાર સમિતિમાં રાજ્ય સરકાર દ્વારા નિયુક્ત)

(૩) દીપ પ્રાગટ્ય, (સમાનતા, બંધુતા અને અખંડિતતાનો ભાવ વ્યક્ત કરતી પ્રાર્થના) ૦૫મિનિટ

(૪) કુલસચિવશ્રી દ્વારા સ્વાગત ૦૫ મિનિટ

(૫) "બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર એવોર્ડ–૨૦૧૭" અર્પણ વિધિ : ૧૦ મિનિટ

(૧) ડૉ. તૃપ્તિ બી. વ્યાસ (પત્રકારત્વ ભવન, સૌ.યુનિ.) : કુલપતિશ્રી,

(૨) ડૉ. કરિશ્મા જી.સોંદરવા : (અંગ્રેજી ભવન, અમરેલી) : કુલસચિવશ્રી,

(૩) ડૉ. જિતેશ એ.સાંખટ : (મુલાકાતી પ્રાધ્યાપક, ઈતિહાસ ભવન) : ડૉ.જયદિપસિંહ ડોડીયા

(૪) ડૉ. મગનલાલ એસ. મોલિયા : (પ્રો.શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ) : ડૉ.બી.એન.પરમાર

(૫) ડૉ. કન્હૈયાલાલ ડામોર (આસિ.પ્રો.શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ.) : ડૉ.નાથાલાલ ગોહિલ

(૬) વેબસાઈટ ઉદ્દઘાટન : કુલપતિશ્રીના હસ્તે, ૦૫ મિનિટ

(૭) ડૉ.નાથાલાલ ગોહિલનો પરિચય : પ્રા.મહેશ મકવાણા ૦૩ મિનિટ

(૮) બીજ રૂપ વ્યાખ્યાન : ડૉ. નાથાલાલ ગોહિલ ૨૨ મિનિટ

(૯) અધ્યક્ષીય ઉદ્દબોધન : કુલપતિશ્રી, ૦૮મિનિટ

Liberty Equality Fraternity

Babasaheb Dr. B.R.Ambedkar Centre
(Estb. : Govt. of Gujarat)
Saurashtra University, Rajkot-5

Re- Accredited
Grade A by NAAC

Prof. (Dr.) Raja N. Kathad
Chairman

Mo. 96876 92951

Ref. BAC/154-162/2017

Date: 26/ 12/2017

પ્રતિશ્રી,.........................................

આપના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં વિનામૂલ્યે પ્રેસનોટ પ્રસિદ્ધ કરવા બાબત.

## પ્રેસનોટ

ગુજરાત સરકારશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેકડરજીની ૧૨૫મી જન્મજયંતીવર્ષને અનુલક્ષીને રાજ્યની પાંચ યુનિવર્સિટીઓ, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ.યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રત્યેક યુનિવર્સિટી વાર્ષિક ગ્રાન્ટઈન ધોરણે રૂા.૩૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી કરીને બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર સ્થાપવા જ કરવામાં આવી. આ સેન્ટરોમાં નીચે પ્રમાણેના ઉદ્દેશ્યો સિદ્ધ કરવા કાર્યો થશે.

યુનિવર્સિટીમાં એક શૈક્ષણિક જગ્યાઓ સાથેનું માળખાગત સુવિધા યુક્ત સેન્ટર ઊભું થાય, સમાજના બુદ્ધિજીવીઓ અને વિદ્યાર્થીઓમાં બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરજીના વિચારોનું અધ્યયન, સમજણ અને ક્રિયાન્વયન થાય, આ સેન્ટરમાં આર્થિક, રાજનૈતિક, ધાર્મિક, તાત્ત્વિક, બંધારણીય અભ્યાસ, સામાજિક અને સાહિત્યિક કાર્ય, માનવીયઅધિકારો વગેરે વિષયો પર વિચાર વિમર્શ અને સંશોધન કરવામાં આવે, સમાજમાં શિક્ષણનો વિકાસ અને પ્રમાણ વધે તથા શૈક્ષિણક પ્રશ્નોનું નિરાકરણ થાય, બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકરજીનાં જીવન, કાયો અને તત્ત્વજ્ઞાન વિશે સંશોધન થાય, સમાજના અનુ.જાતિ, જનજાતિ, લઘુમતિ, પછાતવર્ગો અને સમાજના નબળા વર્ગોના આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિ જીવનના પ્રશ્નો અંગેનું સંશોધન અને વિચારણા થાય.

લાંબા અને ટૂંકાગાળાના સંશોધન કાર્ય અને અભ્યાસક્રમો, એમ.ફિલ/એલ.એલ.એમ/પીએચ.ડીના વિદ્યાર્થીઓ દ્વારા સંશોધન, સેમિનાર/વર્કશોપ, બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેડકર સ્મૃતિ વ્યાખ્યાનમાળા, સમાયિક/પુસ્તકો/પત્રિકા/ વગેરેનું પ્રકાશન, જાગૃતિ અને પ્રશિક્ષણ કાર્યક્રમો, સેમિનાર, કોન્ફરન્સમાં સહભાગિતા. પુસ્તક, સમાયિક સંબંધિત સાહિત્યની ખરીદી, સંગોષ્ઠિ/ચર્ચા સત્ર, આંતર ચેર સમન્વય કાર્યક્રમ વગે પ્રવૃત્તિઓ થાય.

**"બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું પ્રદાન" વિષયક એક દિવસીય સેમિનાર તા.૨૮/૧૨/૨૦૧૭**

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અંતર્ગત બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરમાં બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકરજીની નિર્વાણતીથિને અનુલક્ષીને ડૉ. બી.આર.આંબેડકરજીના અમૂલ્ય પ્રદાનને અનુલક્ષીને એક દિવસીય રાજ્યસ્તરીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેમિનારમાં સંશોધકો, અધ્યાપકો એક સત્રમાં ડૉ.આંબેડકરજીના વિવિધ ક્ષેત્રમાં કરેલા પ્રદાન અંગે શોધપત્ર પ્રસ્તુત કરશે.

- આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રોફેસર(ડૉ.)પ્રતાપસિંહ ચૌહાણ, માનનીય કુલપતિશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ઉપસ્થિત રહેશે.

- સેમિનારનું બીજરૂપ વ્યાખ્યાન ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન પ્રો.ડૉ.નાથાલાલ ગોહિલ આપશે. સેમિનારમાં અન્ય વક્તા તરીકે 'નારી મુક્તિ દાતા ડૉ.આંબેડકર' આ વિષય ઉપર સંવેદના સમાજના તંત્રી અને ગુજરાત સરકારનો પત્રકારત્વનો એવોર્ડ પ્રાપ્ત શ્રીમતી અનિતાબહેન પરમાર વ્યાખ્યાન આપશે.
- વીરબાઈમા મહિલા કોલેજના સમાજશાસ્ત્ર વિષયના પ્રોફેસર ડૉ.બી.એન.પરમાર 'સમાજશિલ્પી ડૉ.બાબાસાહેબ આંબેડકર' આ વિષય પર વ્યાખ્યાન આપશે.
- કાર્યક્રમના સમારોહ સત્રનાં વક્તા તરીકે ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ સદસ્યશ્રી,બોર્ડ ઓફ મેનેજમેન્ટ માનનીય શ્રી કિશોરભાઈ મકવાણા રહેશે.
- કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે NFDD હોલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, ખાતે સવારે ૦૮:૦૦ થી ૯:૩૦ સુધી રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય રહેશે.

**ડૉ.આંબેડકર ચેર–સેન્ટર દ્વારા સંશોધકોને "બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર સંશોધન એવોર્ડ–૨૦૧૭" અર્પણ કાર્યક્રમ.**

ડૉ.આંબેડકર ચેર–સેન્ટરની માર્ગદર્શિકા અનુસાર પ્રતિવર્ષ અધ્યાપકો/સંશોધકોને બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન અને કાર્યને અનુલક્ષીને સંશોધન એવોર્ડ આપવા એવું ચેર–સેન્ટરની સલાહકાર સમિતિમાં ઠરાવવામાં આવેલ તે અનુસાર આ સંશોધન એવોર્ડ માટે જાહેરાત આપવામાં આવી હતી. આ જાહેરાતને અનુલક્ષીને આવેલ સંશોધન દરખાસ્ત કરેલ ઉમેદ્વારોની રૂબરૂ મુલાકાત આજ રોજ માનનીય કુલપતિશ્રી દ્વારા નિયુક્ત એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા ગોઠવવામાં આવી હતી. આ એવોર્ડ પસંદગી સમિતિએ ડૉ. આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન પર સંશોધન કરવા માટે પાંચ ઉમેદ્વારોની પસંદગી કરી રૂા.૫૦–૫૦ હજારના પાંચ **'બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર એવોર્ડ–૨૦૧૭'** આપવા માટેની ભલામણ કરી છે. આ એવોર્ડ માટે પસંદગી પામનાર....

(૧) ડૉ.તૃપ્તિ બી.વ્યાસ, પત્રકારત્વ ભવન, સૌ.યુનિ. રાજકોટ,
(૨) ડૉ. કરિશ્મા જી.સોંદરવા, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી,
(૩) ડૉ.જિતેશ સાંખટ, મુલાકાતી પ્રાધ્યાપક, ઈતિહાસ ભવન, સૌ.યુનિ. રાજકોટ,
(૪) ડૉ. કન્હૈયાલાલ ડામોર, મદદનીશ અધ્યાપક, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ,
(૫) ડૉ. મગનલાલ એસ.મોલિયા, પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ.

આ પાંચ એવોર્ડ માટે પસંદગી પામેલા સંશોધકોને કુલપતિશ્રીના હસ્તે સેમિનારના ઉદ્ઘાટન સમારોહમાં એવોર્ડ અર્પણ કરવામાં આવશે.

**ડૉ.આંબેડકર ચેર–સેન્ટરની વેબ સાઈડનું લોચીંગ**

આ ચેર–સેન્ટર દ્વારા બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીના જીવન, કવન અને તત્ત્વજ્ઞાન લોકો સુધી પહોંચાડવાના ઉદ્દેશ્યથી ચેર–સેન્ટરની એક વેબ સાઈટ તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઈટમાં ભારતીય બંધારણ, વિવિધ વોલ્યુમ, પુસ્તકો વગેરે માહિતી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં સોફ્ટકોપી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વેબસાઈટનું લોંચીગ સેમિનારના ઉદ્ઘાટન સમારોહમાં માનનીય કુલપતિશ્રીના હસ્તે થશે.

ચેરમેન
પ્રો.(ડૉ.) રાજા એન. કાથડ

SANDESH

05

RAJKOT | THURSDAY, 28•12•2017

२८मीએ બાબાસાહેબના પ્રદાન અંગે સેમીનાર

# ડો. આંબેડકર ચેરના ઉપક્રમે પાંચ સંશોધકોને અપાશે એવોર્ડ

■ ખાસ વેબસાઈટ પણ લોન્ચ કરાશેઃ યુનિ. કેમ્પસ ખાતે કાર્યક્રમ

રાજકોટ, તા.૨૭

ડો. બાબા સાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના ઉપલક્ષ્યમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તેમજ ગુજરાતની અન્ય ચાર યુનિવર્સિટીઓમાં ડો. આંબેડકર ચેર સેન્ટરની સ્થાપના સરકારે રૂ.૩૫ લાખની ગ્રાંટ સાથે કરી હતી.

આ ચેર દ્વારા લાંબા અને ટૂંકા ગાળાના સંશોધન કાર્ય અને અભ્યાસક્રમો, સ્મૃતિ વ્યાખ્યાનમાળા સહિતના કાર્યક્રમો યોજવામાં આવનાર છે. સંશોધનો માટે એવોર્ડ પણ આપવામાં આવનાર છે. આ વર્ષે ડો. બાબાસાહેબ આંબેડકર ચેર દ્વારા પાંચ સંશોધકોને રૂ.૫૦-૫૦ હજારના એવોર્ડ જાહેર કરાયા છે. ડો. આંબેડકરના જીવન,કવન અને તત્વજ્ઞાન ઉપર સંશોધનો કરનાર ડો. તૃપ્તી બી વ્યાસ, ડો.કરીશ્મા સોંદરવા,જીતેન્દ્ર સાંખટ, ડો. કન્હૈયાલાલ ડામોર, મગનલાલ મોલીયાને આ એવોર્ડ તા.૨૮ના રોજ યુનિવર્સિટી ખાતે યોજાય રહેલા એક સેમીનારમાં કુલપતિ ડો. પ્રતાપસિંહના હસ્તે આપવામાં આવશે. ચેર દ્વારા તૈયાર કરવામાં આવેલી વેબસાઈટનું પણ લોંચીંગ કરવામાં આવશે તેમ ચેરમેન રાજા એન. કાથડની યાદીમાં જણાવાયુ છે.

(રાજકોટ આવૃત્તિ) ગુજરાત સમાચાર ૫ બુધવાર, તા.૨૭ ડિસેમ્બર, ૨૦૧૭

પ્રત્યેકને સંશોધન માટે અપાશે રૂા ૫૦ હજારની ધનરાશિ

# યુનિ. દ્વારા ડો. આંબેડકર એવોર્ડ માટે પાંચ અધ્યાપકોની પસંદગી

રાજકોટ, મંગળવાર

સૌરાષ્ટ્ર યુનિ.માં રાજ્ય સરકારની મદદથી ડો.બી.આર. આંબેડકર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. આ સેન્ટરને જે ગ્રાન્ટ મળી છે તેમાં પાંચ અધ્યાપકોને સંશોધન એવોર્ડ આપવા માટેની આજે પસંદગી કરવામાં આવી છે. આ તમામ અધ્યાપકોને તા.૨૮નાં આયોજિત સેમિનારમાં રૂા ૫૦-૫૦ હજારની ધનરાશિ આપી સંશોધન લક્ષી કામગીરી માટે પ્રેરીત કરવામાં આવશે.

## ગુરૂવારે યુનિ.માં ડો.બાબા સાહેબનાં જીવનદર્શન અંગે સમારોહ : એવોર્ડ માટે પસંદગી પામનાર અધ્યાપકોના બહુમાન થશે

આજે સૌરાષ્ટ્ર યુનિ. ખાતે રાજ્ય સરકારની રૂા ૩૫ લાખની મદદમાંથી કાર્યરત ડો. બી.આર. આંબેડકર સેન્ટરના ઉપક્રમે એવોર્ડ પસંદગી સમિતિની બેઠકમ ળી હતી. આ સમિતિ સમક્ષ ડો.. બાબા સાહેબ આંબેડકરના જીવન અને પ્રદાન વિષયક જુદા જુદા વિષયો ઉપર કામ કરીને એકજ વર્ષમાં સંશોધન અહેવાલ સુપ્રત કરવા ઈચ્છુક ઉમેદવૌરોની દરખાસ્ત સંદર્ભે ચર્ચા વિચારણાં કરવામાં આવી હતી જેમાં સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસના શિક્ષણ શાસ્ત્ર ભવનના પ્રા. ડો. મગનલાલ મોલીયા અને ડો. કન્હૈયાલાલ ડામોર તેમજ ઈતિહાસ ભવનના પ્રા. ડો.જીતેશ સાંખા અને પત્રકારિત્વ ભવનના ડો. તૃપ્તીબેન બી. વ્યાસ તથા અમરેલીની પ્રતાપરાય આર્ટસ કોલેજના ડો. કરિશ્મા જી. સોંદરવાની પસંદગી કરવામાં આવી હતી. આ તમામ અધ્યાપકો ડો. આંબેડકરના જીવન કવન અને તત્વજ્ઞાન વિષય ઉપર સંશોધન કરશે.

આગામી તા.૨૮નાં યુનિ. કેમ્પસમાં ડો. બાબા સાહેબ આંબેડકરના પ્રદાન વિષયક એક દિવસનો જે સેમિનાર યોજવામાં આવ્યો છે તેમાં જાણીતા વિદવાન ડો. નાથાલાલ ગોહિલ નારી મુક્તિદાતા ડો. આંડકર વિષય ઉપર ચાવીરૂપ ઉદબોધન આપશે અન્ય તજજ્ઞોના પ્રાસંગિક પ્રવચન પુર્વે આ સેમિનારમાં કુલપતિના હસ્તે પસંદગી પામેલા પાંચ સંશોધન કારોનું બહુમાન કરાશે તેમજ ડો. આંબેડકર ચેરની વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવશે.

૨ ફૂલછાબ રાજકોટ બુધવાર, તા.૨૭-૧૨-૨૦૧૭

# ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ-૧૭ માટે પાંચ ઉમેદવારોની પસંદગી

## ડો. આંબેડકર ચેર સેન્ટર દ્વારા કાલે સેમિનાર યોજાશે

રાજકોટ, તા. ૨૬: સૌરાષ્ટ્ર યુનિ. ડો. આંબેડકર ચેર સેન્ટરની માર્ગદર્શિકા અનુસાર પ્રતિવર્ષ અધ્યાપકો/સંશોધકોને બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકરજીના જીવન અને કાર્યને અનુલક્ષીને સંશોધન એવોર્ડ આપવા એવું ચેર- સેન્ટરની સલાહકાર સમિતિમાં ઠરાવવામાં આવ્યું છે. સંશોધન દરખાસ્ત કરેલા ઉમેદવારોની રૂબરૂ મુલાકાત કુલપતિ દ્વારા નિયુક્ત એવોર્ડ પસંદગી સમિતિ દ્વારા ગોઠવવામાં આવી હતી. આ એવોર્ડ પસંદગી સમિતિએ ડો. આંબેકરજીના જીવન, કવન અને તત્વજ્ઞાન પર સંશોધન કરવા માટે પાંચ ઉમેદવારોની પસંદગી કરી રૂા. ૫૦-૫૦ હજારના પાંચ 'બાબાસાહેબ ડો. બી. આર. આંબેડકર એવોર્ડ-૨૦૧૭' આપવા માટેની ભલામણ કરી છે. આ એવોર્ડ માટે પસંદગી પામનારાઓમાં (૧) ડો. તૃપ્તિ બી. વ્યાસ (પત્રકારત્વ ભવન, સૌ.યુનિ. રાજકોટ), (૨) ડો. કરિશ્મા જી. સોંદરવા (કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ- અમરેલી), (૩) ડો. જિતેશ સાંખટ (મુલાકાતી પ્રાધ્યાપક ઇતિહાસ ભવન, સૌ.યુનિ. રાજકોટ), (૪) ડો. કન્હૈયાલાલ ડામોર (મદદનીશ અધ્યાપક, શિક્ષણશાસ્ત્ર ભવન સૌ. યુનિ. રાજકોટ), (૫) ડો. મગનલાલ એસ. મોલિયા (પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ) આ પાંચ એવોર્ડ માટે પસંદગી પામેલા સંશોધકોને કુલપતિના હસ્તે સેમિનારના ઉદ્‌ઘાટન સમારોહમાં એવોર્ડ અર્પણ કરવામાં આવશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ડો. બી.આર. આંબેડકર ચેર-સેન્ટરમાં બાબાસાહેબ બી.આર. આંબેડકરની નિર્વાણતિથિને અનુલક્ષીને ડો. બી.આર. આંબેડકરના અમૂલ્ય પ્રદાનને અનુલક્ષીને એક દિવસીય રાજ્યસ્તરીય સેમિનારનું આયોજન તા. ૨૮-૧૨-૧૭ના કરવામાં આવેલ છે. આ સેમિનારમાં સંશોધકો, અધ્યાપકો એક સત્રમાં ડો. આંબેડકરજીના વિવિધ ક્ષેત્રમાં કરેલા પ્રદાન અંગે શોધપત્ર પ્રસ્તુત કરશે.

આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે પ્રોફેસર ડો. પ્રતાપસિંહ ચૌહાણ, કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ ઉપસ્થિત રહેશે. સેમિનારનું બીજરૂપ વ્યાખ્યાન ગુજરાતી સાહિત્યના વિદ્વાન પ્રો. ડો. નાથાલાલ ગોહિલ આપશે. સેમિનારમાં અન્ય વક્તા તરીકે 'નારી મુક્તિ દાતા ડો. આંબેડકર' આ વિષય ઉપર સંવેદના સમાજના તંત્રી અને ગુજરાત સરકારનો પત્રકારત્વનો એવોર્ડ પ્રાપ્ત કરનાર શ્રીમતી અનિતાબહેન પરમાર વ્યાખ્યાન આપશે. વીરબાઇમા મહિલા કોલેજના સમાજશાસ્ત્ર વિષયના પ્રોફેસર ડો. બી.એન. પરમાર 'સમાજ શિલ્પી ડો. બાબાસાહેબ આંબેકર' આ વિષય પર વ્યાખ્યાન આપશે. કાર્યક્રમના સમારોહ સત્રનાં વક્તા તરીકે ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિ. અમદાવાદ સદસ્ય બોર્ડ ઓફ મેનેજમેન્ટ કિશોરભાઇ મકવાણા રહેશે. કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે એનએફડીડી હોલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ, ખાતે સવારે ૮ થી ૯-૩૦ સુધી રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય રહેશે.

આ ચેર-સેન્ટર દ્વારા બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકરજીના જીવન, કવન અને તત્વજ્ઞાન લોકો સુધી પહોંચાડવાના ઉદેશયથી ચેર-સેન્ટરની એક વેબસાઇટ તૈયાર કરવામાં આવી છે. આ વેબસાઇટમાં ભારતીય બંધારણ, વિવિધ વોલ્યુમ, પુસ્તકોની વગેરે માહિતી ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં સોફટકોપી ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ વેબસાઇટનું લોન્ચીંગ સેમિનારના ઉદઘાટન સમારોહમાં કુલપતિના હસ્તે થશે.

તા-૨૮/૧૨/૨૦૧૭

દિવ્ય ભાસ્કર

### સૌ.યુનિવર્સિટીમાં સંશોધન એવોર્ડ આપવામાં આવશે

# બાબાસાહેબ આંબેડકર અંગે વિશેષ સેમિનાર યોજાશે

ભાસ્કર ન્યૂઝ | રાજકોટ

બાબાસાહેબ ડો.બી.આર. આંબેડકરની નિર્વાણતિથિ નિમિત્તે ડો.બી.આર.આંબેડકર ચેર સેન્ટરમાં એક દિવસીય સેમિનારનું વિશેષ આયોજન તા. 28ને ગુરુવારના કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વિવિધ તબક્કામાં અધ્યાપકોએ કરેલા શોધપત્રોનું પ્રસ્તુતિકરણ તેમજ 'નારી મુક્તિ દાતા ડો. આંબેડકર' વિષય પર વિશેષ વ્યાખ્યાન યોજાશે. સાથે જ આ સેમિનાર દરમિયાન ડો.આંબેડકરજીના જીવન કવન પર સંશોધન કરવા બદલ પાંચ ઉમેદવારોને 'ડો. બી.આર. આંબેડકર એવોર્ડ' આપવામાં આવશે. ઉપરાંત ચેર સેન્ટર દ્વારા આંબેડકરજીના જીવન કવન અને તત્વજ્ઞાન લોકો સુધી પહોંચાડવા માટે એક વેબસાઇટ તૈયાર કરવામાં આવી છે. તેનું લોન્ચિંગ પણ કરવામાં આવશે.

### એવોર્ડ માટે પસંદગી

1) ડો.તૃપ્તી બી.વ્યાસ
2) ડો.કરિશ્મા જી.સોંદરવા
3) ડો.જીતેશ સાંખટ
4) ડો.કનૈયાલાલ ડામોર
5) ડો.મગનલાલ એસ.મોલીયા

Liberty Equality Fraternity

Babasaheb Dr. B.R.Ambedkar Centre

(Estb. : Govt. of Gujarat)

Saurashtra University, Rajkot-5

Re- Accredited
Grade A by NAAC

Prof. (Dr.) Raja N. Kathad
Chairman

Mo. 96876 92951

Ref. BAC/163-172/2017

Date: 28/ 12/2017

પ્રતિશ્રી,.........................................

આપના બહોળી પ્રસિદ્ધિ ધરાવતા દૈનિકપત્રમાં વિનામૂલ્યે પ્રેસનોટ પ્રસિદ્ધ કરવા બાબત.

## પ્રેસનોટ

- **ડૉ.આંબેડકર ચેર–સેન્ટરની વેબ સાઈટ www.bac.org.in નું લોચીંગ.**
- **ડૉ.આંબેડકર ચેર–સેન્ટર દ્વારા પાંચ સંશોધકોને "બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર સંશોધન એવોર્ડ–૨૦૧૭" અર્પણ.**
- **રાજ્ય સરકારશ્રી દ્વારા ડૉ.આંબેડકર ચેરની સલાહકાર સમિતિમાં નિયુક્ત ત્રણ સદસ્યોનું સન્માન.**

ગુજરાત સરકારશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ.ભીમરાવ આંબેકડરજીની ૧૨૫મી જન્મજયંતીવર્ષને અનુલક્ષીને રાજ્યની પાંચ યુનિવર્સિટીઓ, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ.યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રત્યેક યુનિવર્સિટી વાર્ષિક ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે રૂ.૩૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી કરીને બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર સ્થાપવા જ કરવામાં આવી.

આજ રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટર દ્વારા બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકરજીની નિર્વાણતીથિને અનુલક્ષીને ડૉ. બી.આર.આંબેડકરજીના અમૂલ્ય પ્રદાનને અનુલક્ષીને એક દિવસીય રાજ્યસ્તરીય સેમિનારનું યોજાઈ ગયો. આ સેમિનારમાં ૨૯૦ સંશોધકો, અધ્યાપકો અને વિદ્વાનોએ ભાગ લીધો હતો. ૩૫ જેટલાં બાબાસાહેબ ડૉ. બી.આર. આંબેડકરજીના વિવિધ ક્ષેત્રના પ્રદાન અંગેના શોધપત્રો આવ્યા.

આ સેમિનારની વિશેષતા એ હતી કે, આ સેમિનારમાં ડૉ.બાબાસાહેબ ડૉ. આંબેડકરના જીવન, કવન પર સંશોધન અને લેખન કરનારા વિદ્વનોના સંવેદનાપૂર્ણ વ્યાખ્યાનોએ પ્રેક્ષકોને જકડી રાખ્યા સેમિનારનું બીજરૂપ વ્યાખ્યાન ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ વિદ્વાન પ્રો.ડૉ.નાથાલાલ ગોહિલ આપ્યું, જે સંવેદના પૂર્ણ વ્યાખ્યાને પ્રેક્ષકોની આંખોમાં આસું લાવી દીધા. અન્ય વક્તા તરીકે 'નારી મુક્તિ દાતા ડૉ.આંબેડકર' આ વિષય પર શ્રીમતી અનિતાબહેન પરમારે વ્યાખ્યાન આપ્યું અને પ્રાચીન કાળથી આદ્યપર્યન્ત નારીની દશા અને દિશાનું દર્શન કરાવી ડૉ.બાબાસાહેબ આંબેડકરે હિન્દુ કોડ બિલ દ્વારા નારી મુક્તિનો પ્રારંભ કરાવ્યો જે તે સમયે સંસદમાં બિલ પસાર નહી થતા બાબાસાહેબે નૈતિક રીતે કાયદા પ્રધાનેથી પોતાનું રાજીનામું આપી દીધેલ. ત્યારબાદ કટકે–કટકે આ બિલ પસાર થયું અને જેના ફળ સ્વરૂપ આજે નારી અનેક અધિકારો ભોગવી રહી છે.

એક સત્રના વક્તા તરીકે પ્રોફેસર ડૉ.બી.એન.પરમાર રહ્યા અને તેમણે 'સમાજશિલ્પી ડૉ.બાબાસાહેબ આંબેડકર' આ વિષય પર વ્યાખ્યાન આપ્યું. સમગ્ર રાષ્ટ્રને એકતા તાંતણે બાંધવાનું કામ ડૉ.બાબાસાહેબ આંબેડકરે કર્યુ છે. કાર્યક્રમના સમાપન વ્યાખ્યાનમા વક્તા તરીકે શ્રી કિશોરભાઈ મકવાણા રહ્યા જેમણે સેમિનાર વિષયને ખૂબ સારી રીતે તેમના વ્યાખ્યાનમાં વણી લીધો. આજ રોજ બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર દ્વારા ડૉ. આંબેડકરજીના જીવન, કવન અને તત્વજ્ઞાન પર

સંશોધન કરવા માટે પાંચ ઉમેદ્વારોને **'બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર એવોર્ડ–૨૦૧૭'** કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં આપવામાં આવ્યા. આ એવોર્ડ માટે પસંદગી પામેલા ઉમેદ્વારો જેવા કે......

(૧) ડૉ.તૃપ્તિ બી.વ્યાસ, પત્રકારત્વ ભવન, સૌ.યુનિ. રાજકોટ,

(૨) ડૉ. કરિશ્મા જી.સોંદરવા, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટ્સ કોલેજ, અમરેલી,

(૩) ડૉ.જિતેશ સાંખટ, મુલાકાતી પ્રાધ્યાપક, ઈતિહાસ ભવન, સૌ.યુનિ. રાજકોટ,

(૪) ડૉ. કન્હૈયાલાલ ડામોર, મદદનીશ અધ્યાપક, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ,

(૫) ડૉ. મગનલાલ એસ.મોલિયા, પ્રોફેસર, શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ.

કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં બાબાસાહેબ ડૉ.બી.આર. આંબેડકર ચેર–સેન્ટરની એક વેબ સાઈટનું લોંચીગ કરવામાં આવ્યું www.bac.org.in આ વેબ સાઈટ દ્વારા બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકરજીનું જીવન, કવન અને તત્વજ્ઞાન લોકો સુધી પહોચશે.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન સત્રમાં પ્રારંભમાં ચેરના ચેરમેન પ્રો.ડૉ.રાજા કાથડ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિશ્રીના પ્રતિનિધિ તરીકે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટ સભ્ય પ્રિ. ડૉ.વિજયભાઈ પટેલ ઉપસ્થિત રહી અધ્યક્ષીય પ્રવચન આપ્યું હતું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલસચિવ ડૉ.ધીરેનભાઈ પંડ્યા એ ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરી કાર્યક્રમનની સફળતા માટે આર્શીવચનો આપ્યા હતાં, ડૉ.આંબેડકર ચેરના સલાહકાર સમિતિના સદસ્ય પ્રો. જયદીપસિંહ ડોડીયા, ડૉ.બી.એન.પરમાર, પ્રો.ડૉ.બી.કે. કલાસવા, શ્રી કે.જી.કન્નર તથા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ડેપ્યૂટી રજિસ્ટાર, શ્રી આર.જી.પરમાર મહેમાનો તરીકે ઉપસ્થિત રહ્યા હતાં.

આ કાર્યક્રમના ઉદ્‌ઘાટન દરમ્યાન રાજ્ય સરકારશ્રી દ્વારા બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેરની સલાહકાર સમિતિમાં ૩ સદસ્યોની નિયુક્તિ થઈ છે. તેવા ૩ સદસ્યો જેવા કે, (૧) ડૉ.નાથાલાલ ગોહિલ, (૨) શ્રી આર.જી.પરમાર અને (૩) શ્રી શૈલેષ પરમારમાંથી પ્રથમ બે ઉપસ્થિત સદસ્યોનું સન્માન કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ.યોગેશ જોગસને કર્યુ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ.ભરત ખેર, ડૉ.ભરત કટારિયા, ડૉ.જિતેશ સાંખટ, ડૉ.અશ્વિન સોલંકી, ડૉ.રાકેશ ભેદી, ચાંચીયા રાકેશ, ડૉ.કાન્તિલાલ કાથડ, ડૉ. વિનેશ બામણીયા, પ્રા. ભૂમિ રાઠોડ, પ્રા. ગિરિશ જાદવ, પ્રા.પારુલ, પ્રા. જિજ્ઞાસા સોલંકી, શ્રી હસમુખ ચાવડા, મહેશ ચૌહાણ, શ્રી ભાવેશ સોંદરવા, અતુલ સોંદરવા, સતીશ કાથડ, ગૌતમ કાથડ, પરષોતમ કાથડ, નિલેશ કરમુર, રાઠોડ અનિલ, સોલંકી વિશાલ, પરમાર રાહુલ, કાથડ રાજેશ, કાથડ કેતન, નિમ્બાર્ક સોનલબે, પારઘી સંજય, ધર્મેશ વાળા વગેરે

ચેરમેન
પ્રો.(ડૉ.) રાજા એન. કાથડ
બાબાસાહેબ ડૉ.બી.આર.આંબેડકર ચેર–સેન્ટર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ



# ડો. આંબેડકર ચેર સેન્ટરની વેબસાઇટનું લોન્ચીંગ

## પાંચ સંશોધકોને ડો. આંબેડકર સંશોધન એવોર્ડ અર્પણ : સલાહકાર સભ્યોનું સન્માન

રાજકોટ : ગુજરાત સરકાર દ્વારા બાબા આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ વર્ષને અનુલક્ષીને રાજયની પાંચ યુનિવર્સિટીઓને વાર્ષિક ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે રૂા.૫૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી કરીને બાબા સાહેબ ડો. બી. આર. આંબેડકર ચેર - સેન્ટર સ્થાપવામાં આવેલ છે. ડો. આંબેડકરની નિર્વાણતીથીને અનુલક્ષીને એક દિવસીય રાજય સ્તરીય સેમીનાર યોજવામાં આવેલ. જેમાં ૨૯૦ સંશોધકો, અધ્યાપકો, વિદ્વાનોએ ભાગ લીધો હતો. ૫૫ સંશોધનપત્રો ડો. બી.આર. આંબેડકરના વિવિધ ક્ષેત્રના પ્રદાન અંગે આવ્યા હતા. ડો. આંબેડકરના જીવન કવન ઉપર લેખન કરનાર વિદ્વાનોએ વ્યાખ્યાન આપતા વાતાવરણ સંવેદનાપૂર્ણ બની રહ્યુ હતુ. આ તકે ડો. તૃપ્તી વ્યાસ પત્રકારત્વ ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. કરીશ્મા જી. સોંદરવા, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી, ડો. જિતેશશ સાંખટ મુલાકાતી પ્રાધ્યાપક ઇતિહાસ ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. કન્હૈયાલાલ ડામોર, મદદનીશ અધ્યાપક શિક્ષણશાસ્ત્ર ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. મગનલાલ એસ. મોલિયા, પ્રો. શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટને બાબા સાહેબ આંબેડકર એવોર્ડ ૨૦૧૭ એનાયત કરવામાં આવ્યા હતા. દરમિયાન આ તકે રાજય સરકાર દ્વારા ડો. બી.આર.આંબેડકર ચેરની સલાહાકાર સમિતિના સદસ્ય પ્રો. જયદિપસિંહ ડોડીયા, ડો.બી. એન. આંબેડકર ચેરની સલાહકાર સમિતિમાં ડો. નાથાલાલ ગોહિલ, આર.જી.પરમાર, શૈલેષ પરમારમાંથી બે સદસ્યો ઉપસ્થિત રહેતા તેઓનું સન્માન કરાયુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. યોગેશ જોગસને કરેલ. (૧૬.૨)





અકિલા - ૨૮|૧૨|૨૦૧૭













# ડો. આંબેડકર ચેર સેન્ટરની વેબસાઇટનું લોન્ચીંગ

## પાંચ સંશોધકોને ડો. આંબેડકર સંશોધન એવોર્ડ અર્પણ : સલાહકાર સભ્યોનું સન્માન

રાજકોટ : ગુજરાત સરકાર દ્વારા બાબા આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ વર્ષને અનુલક્ષીને રાજ્યની પાંચ યુનિવર્સિટીઓને વાર્ષિક ગ્રાન્ટ ઇન એઇડ ધોરણે રૂા.૩૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી કરીને બાબા સાહેબ ડો. બી. આર. આંબેડકર ચેર - સેન્ટર સ્થાપવામાં આવેલ છે. ડો. આંબેડકરની નિર્વાણતીથીને અનુલક્ષીને એક દિવસીય રાજ્ય સ્તરીય સેમીનાર યોજવામાં આવેલ. જેમાં ૨૯૦ સંશોધકો, અધ્યાપકો, વિદ્વાનોએ ભાગ લીધો હતો. ૩૫ સંશોધનપત્રો ડો. બી.આર. આંબેડકરના વિવિધ ક્ષેત્રના પ્રદાન અંગે આવ્યા હતા. ડો. આંબેડકરના જીવન કવન ઉપર લેખન કરનાર વિદ્વાનોએ વ્યાખ્યાન આપતા વાતાવરણ સંવેદનાપૂર્ણ બની રહ્યુ હતુ. આ તકે ડો. તૃપ્તી વ્યાસ પત્રકારત્વ ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. કરીશ્મા જી. સોંદરવા, કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ, અમરેલી, ડો. જિતેશા સાંખટ મુલાકાતી પ્રાધ્યાપક ઇતિહાસ ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. કનૈયાલાલ ડામોર, મદદનીશ અધ્યાપક શિક્ષણશાસ્ત્ર ભવન સૌ.યુનિ. રાજકોટ, ડો. મગનલાલ એસ. મોલિયા, પ્રો. શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટને બાબા સાહેબ આંબેડકર એવોર્ડ ૨૦૧૭ એનાયત કરવામાં આવ્યા હતા. દરમિયાન આ તકે રાજ્ય સરકાર દ્વારા ડો. બી.આર.આંબેડકર ચેરની સલાહકાર સમિતિના સદસ્ય પ્રો. જયદિપસિંહ ડોડીયા, ડો. બી. એન. આંબેડકર ચેરની સલાહકાર સમિતિમાં ડો. નાથાલાલ ગોહિલ, આર.જી.પરમાર, શૈલેષ પરમારમાંથી બે સદસ્યો ઉપસ્થિત રહેતા તેઓનું સન્માન કરાયુ હતુ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડો. યોગેશ જોગસને કરેલ. (૧૯.૨)













સાંજ સમાચાર - ૨૯/૧૨/૨૦૧૭



# સૌરાષ્ટ્ર યુનિ.ના ડો. આંબેડકર ચેર સેન્ટર દ્વારા પાંચ સંશોધકોને એવોર્ડ એનાયત: વેબસાઈટનું લોન્ચીંગ

## ડો. આંબેડકરની નિર્વાણતીથિએ અનુલક્ષીને સેમિનાર યોજાયો: સલાહકાર સમિતીના સદસ્યોનું સન્માન

રાજકોટ તા.૨૯

ગુજરાત સરકાર દ્વારા બાબાસાહેબ ડો. ભીમરાવ આંબેડકરજીની ૧૨૫મી જન્મજયંતી વર્ષને અનુલક્ષીને રાજ્યની પાંચ યુનિવર્સિટીઓ, ગુજરાત યુનિવર્સિટી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, એમ.એસ. યુનિવર્સિટી, સરદાર પટેલ યુનિવર્સિટી, અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પ્રત્યેક યુનિ. વાર્ષિક ગ્રાન્ટ ઈન એઈડ ધોરણે રૂા.૩૫ લાખ લેખે ગ્રાન્ટની ફાળવણી બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર ચેર સેન્ટર સ્થાપના કરવામાં આવી છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર ચેર સેન્ટર દ્વારા બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકરજીની નિર્વાણતીથીને અનુલક્ષીને ડો. બી.આર. આંબેડકરજીના અમૂલ્ય પ્રદાનને અનુલક્ષીને એક દિવસીય રાજ્યસ્તરીય સેમીનાર યોજવામાં આવેલ હતો. આ સેમીનારમાં ૧૬૦ સંશોધકો, અધ્યાપકો અને વિદ્વાનોએ ભાગ લીધો હતો. જેમાં ૩૫ જેટલા બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકરજીના વિવિધ ક્ષેત્રના પ્રદાન અંગેના શોધપત્રો આવ્યા હતા.

આ સેમીનારની વિશેષતા એ હતી કે, આ સેમીનારમાં ડો. બાબાસાહેબ આંબેડકરના જીવન, કવન પર સંશોધન અને લેખન કરનારા વિદ્વાનોના સંવેદનાપૂર્ણ વ્યાખ્યાનોએ શ્રોતાઓને જકડી રાખ્યા હતા. આ પ્રસંગે ડો. આંબેડકર ચેર દ્વારા ડો. આંબેડકરજીના જીવન કવન અને તત્વજ્ઞાન પર સંશોધન કરવા માટે પાંચ ઉમેદવારોને બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર એવોર્ડ ૨૦૧૭ આપવામાં આવ્યા. આ એવોર્ડ માટે પસંદગી પામેલા ઉમેદવારોમાં ડો.નૂતન બી. વ્યાસ (પત્રકારત્વ ભવન સૌ.યુનિ.) ડો. હરિભા જી. સોંદરવા (અમરેલી), ડો. જિજ્ઞેશ આંબલ (મુલાકાતી અધ્યાપક, ઈતિહાસ ભવન, સૌ.યુનિ.) ડો. કનૈયાલાલ ડામોર (શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ.યુનિ. રાજકોટ) ડો. મનનલાલ એસ. મોલિયા (શિક્ષણ શાસ્ત્ર ભવન સૌ.યુનિ. રાજકોટ)નો સમાવેશ થાય છે.

કાર્યક્રમના ઉદઘાટન સત્રમાં બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર ચેર સેન્ટરની એક વેબસાઈટનું લોન્ચીંગ કરવામાં આવ્યું. આ કાર્યક્રમના ઉદઘાટન સત્રમાં પ્રારંભમાં ચેરના ચેરમેન પ્રો. ડો. રાજન કાલટ દ્વારા ઉપસ્થિત મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યુ હતું. સૌ.યુનિ.ના કુલપતિના પ્રતિનિધિ તરીકે સૌ.યુનિ. સિન્ડીકેટ સભ્ય પ્રિ. ડો. નિદતભાઈ પટેલ ઉપસ્થિત રહી આશીર્વચન પ્રવચન આપ્યુ હતું. સૌ.યુનિ.ના કુલસચિવ ડો. ધીરેનભાઈ પંડ્યા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં રાજ્ય સરકાર દ્વારા બાબાસાહેબ ડો. બી.આર. આંબેડકર ચેરની સલાહકાર સમિતિમાં ૩ સદસ્યોની નિયુક્તિ થઈ છે તેવા સદસ્યો ડો. નાથાલાલ ગોહિલ, આર.જી. પરમાર અને દિલીપ પાલણાંધી પ્રથમ બે ઉપસ્થિત સદસ્યોનું સન્માન કરવામાં આવ્યુ હતું.

### યુનિ.માં ગૌરવપૂર્ણ સમારોહમાં પાંચ સંશોધકોને એવોર્ડ એનાયત

# વંચિતોને બંધારણીય અધિકાર આપવાના પ્રહરી હતા ડો. આંબેડકર

રાજકોટ, ગુરૂવાર

'બંધારણના ઘડવૈયા ડો. બાબા સાહેબ આંબેડકર એ કોઈ દલિત નેતા જ નહોતા. પરંતુ નારીમુક્તિના પુરસ્કર્તા હતા તેમજ કિસાન અને કામદારોના અધિકારો પ્રત્યે સતત અવાજ ઉઠાવી સમાજના છેલ્લા માણસ માટે તેમણે ચિંતા સેવી હતી.' તેમ આજ રોજ અહીં ડો. આંબેડકર એવોર્ડ વિતરણ સમારોહમાં જાણીતા અભ્યાસ શિલ અધ્યાપક ડો. નાથાલાલ ગોહિલે જણાવ્યું હતું.

## જાણીતા વિદ્વાન ડો. નાથાલાલ ગોહિલનું માર્મિક ઉદ્દબોધન

## સમારોહમાં બાબા સાહેબના જીવન અંગે રજૂ થયા ૩૫ શોધ પત્રો

સૌરાષ્ટ્ર યુનિ. કેમ્પસ ખાતે આયોજિત આ સમારોહમાં બીજરૂપ વ્યાખ્યાન કેશોદના ડો. નાથાલાલ ગોહિલે આપ્યું હતું. તેઓએ ડો. બાબાસાહેબ આંબેડકરના જીવનના વિવિધ પાસાઓને વિદ્વતાપૂર્વક રજૂ કરી જણાવ્યું હતું કે, ડો. આંબડેકરને માત્ર દલિત નેતા તરીકે દર્શાવવા ઉચિત નથી. તેઓએ સમયમાં દિકરીઓને દૂધ પીતી કરવાનો રિવાજ હતો. વિધવા વિવાહને ક્યાંય સ્થાન ન્હોતું. સ્ત્રીઓને મિલ્કતમાં અધિકારો ન્હોતા. તેથી નારીને સમાન અધિકાર આપવા હિન્દુ કોડ બિલ સંસદમાં રજૂ કર્યું હતું. કિસાનોને તેમના અધિકારો મળી રહે તે માટે પણ કાયદાકીય લડતો આપી હતી. કામદારોને પણ તેમના અધિકારો અપાવ્યા હતા.



પ્રા.ડો. નાથાલાલ ગોહિલ.

ડો. આંબેડકરના જીવન - કવન ઉપર પ્રકાશ પાડી તેઓએ ઉમેર્યું હતું કે, એક તિરસ્કૃત પરિવારમાં જન્મેલા બાબા સાહેબને તેમના અભ્યાસકાળ દરમિયાન સ્કૂલમાં અલગ કંતાન લઈને જણવા જવું પડતું. અભ્યાસશિલ હોવા છતાં અનેક લોકોએ

સમિતિમાં તેમના સમાવેશ સામે પણ રાજકારણ રમવામાં આવ્યું હતું.

તેઓએ સમાજના અસ્પૃશ્ય એવા વર્ગને ન્યાય અપાવવા માટે રાત - દિવસ મહેનત કરી તેમને બંધારણીય અધિકાર અપાવ્યા હતા. પરિણામે દેશને આદર્શ બંધારણ મળ્યું છે તેમજ સમાજના વંચિત વર્ગને એક નાગરીક તરીકેના અધિકારી પ્રાપ્ત થયા છે.

બપોર બાદ 'નારી મુક્તિ દાતા ડો. આંબેડકર' વિષય પર અનિતાબેન પરમારે વ્યાખ્યાન આપ્યું હતું. આજના સમારોહમાં ડો. બાબાસાહેબ આંબેડકરનાં જીવન ઉપર સંશોધન કરનારા પાંચ અધ્યાપકોનું તેમજ સેન્ટર માટે સલાહકાર સમિતિના ૩ સભ્યોનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ૩૫ સંશોધન પત્રો રજૂ થયા હતા.

આ કાર્યક્રમમાં કુલપતિના પ્રતિનિધિ તરીકે સિન્ડીકેટ સભ્ય વિજયભાઈ પટેલે તથા યુનિ.ના રજીસ્ટ્રાર, ડેપ્યુટી રજીસ્ટ્રાર સહિતના મહાનુભાવોએ પ્રાસંગિક ઉદબોધન

ગુજરાત સમાચાર - ૨૯-૮-૧૩

41.2KB/s 9:01

### સૌરાષ્ટ્ર યુનિ. ખાતે રાજયકક્ષાનો સેમિનાર યોજાયો

# પાંચ સંશોધકને બાબાસાહેબ આંબેડકર એવોર્ડ એનાયત

**નવગુજરાત સમય** > રાજકોટ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે ડો બી. આર. આંબેડકર ચેર સેન્ટર દ્વારા રાજયકક્ષાનો સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં બાબાસાહેબ આંબેડકરના જીવન, કવન અને તત્વજ્ઞાન પર સંશોધન કરનાર પાંચ સંસોશકોને એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. તો ડો આંબેડકર ચેર સેન્ટરની વેબ સાઈટ પણ લોન્ચ કરવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર યુનીવર્સીટી ખાતે આયોજિત સેમિનારમાં બીજરૂપ વ્યાખ્યાન ડો નાથાલાલ ગોહિલે આપ્યું હતું ત્યારે 'નારી મુક્તિ દાતા ડો આંબેડકર 'વિષય પર વ્યાખ્યાન આપતા અનિતાબેન પરમારે જણાવ્યું કે, પ્રાચીનકાળથી આદ્યપર્યન્ત નારીની દશા અને દિશાનું દર્શન કરાવી ડો આંબેડકરે હિંદુ કોડ બીલ દ્વારા નારી મુક્તિનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ સાથે જ ડો આંબેડકર ચેર સેન્ટરની સલાહકાર સમિતિના નાથાલાલ ગોહિલ, આર.જી. પરમાર, શૈલેષ પરમારનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ ચેરના ચેરમેન ડો રાજા કાથડ, ડો વિજયભાઈ પટેલ , ડો જયદીપસિંહ ડોડીયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. આ એવોર્ડ એનાયત કરતાં લોકો મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહીને આનંદ પણ કરાયો હતો. આ પાંચ સંશોધકોને પણ આ એવોર્ડથી તેઓ ખૂબ જ ખુશ છે અને આવા એવોર્ડથી ઉત્સાહ વધે છે.

**પાંચ સંશોધક કોણ કોણ?**

- **ડો તૃપ્તિ વ્યાસ** પત્રકારત્વ ભવન
- **ડો કરિશ્મા જી સોંદરવા** કમાણી સાયન્સ અને પ્રતાપરાય આર્ટસ કોલેજ
- **ડો જિતેશ સાંખટ** મુલાકાતી પ્રાધ્યાપક , ઈતિહાસ ભવન
- **ડો કન્હૈયાલાલ ડામોર** મદદનીશ અધ્યાપક , શિક્ષણશાસ્ત્ર ભવન
- **ડો મગનલાલ એસ. મોલિયા** પ્રોફેસર , શિક્ષણશાસ્ત્ર ભવન

**આ સાથે જ ડો બી આર આંબેડકર ચેર સેન્ટર દ્વારા** www.bac.org.in વેબસાઈટ લોન્ચ કરાઈ છે.